iora.gujarat.gov.in પર કરવામાં આવતી ખેડૂત ખરાઈ પ્રમાણપત્રની ઓનલાઈન અરજીઓની કાર્યપદ્ધતિમાં જરૂરી સુધારા કરવા બાબત.

**ગુજરાત સરકાર**
**મહેસૂલ વિભાગ**
પરિપત્ર ક્રમાંક: ગણત/૧૦૨૦૨૦/૪૨/ઝ
તા. ૦૬/૦૧/૨૦૨૧

**વંચાણે લીધા :**

૧. મહેસૂલ વિભાગના પરિપત્ર ક્રમાંક: ગણત/૧૦૨૦૨૦/૪૨/ઝ, તા.૩૧/૦૭/૨૦૨૦.

## // પરિપત્ર //

વંચાણે લીધા (૧)ના પરિપત્રથી રાજ્યમાં ડિજિટાઈઝેશન અને ઓનલાઈન પ્રક્રિયાના ભાગરૂપે ખેડૂત ખરાઈના પ્રમાણપત્ર મેળવવા બાબતેની સમગ્ર પ્રક્રિયા ઓનલાઈન કરવામાં આવેલ છે. iORA પોર્ટલની કાર્યપદ્ધતિને વધુ લોકાભિમુખ બનાવવા iORAપોર્ટલ પર ઓનલાઈન ખેડૂત ખરાઈ પ્રમાણપત્ર મેળવવાની કાર્યવાહીમાં અરજદારોની મુશ્કેલીઓનો ઓનલાઈન સિસ્ટમ થકી ઉકેલ લાવવા સારૂં અરજદાર પક્ષેથી અરજી તથા સોગંધનામામાં ક્ષતિના કિસ્સામાં અરજી ફી તથા પુન: અરજીના સંબંધમાં તથા ઓનલાઈન પ્રક્રિયા બાબતે વંચાણે લીધા પરિપત્રની કાર્યપદ્ધતિમાં નીચે મુજબની સુધારા સુચનાઓ પરિપત્રિત કરવામાં આવે છે.

**૧. અરજીની ચકાસણી તથા શિરસ્તેદાર પક્ષે :-**

(૧.૧) શિરસ્તેદારની કક્ષાએથી અરજી સ્વીકાર/અસ્વીકાર અંગેનો નિર્ણય કરવાનો રહેશે નહિ. શિરસ્તેદારને ફાળવાયેલ loginમાં તેઓના પક્ષે સ્વીકાર માટેનો અભિપ્રાય અથવા અસ્વીકાર માટેના કારણો સહિતનો અભિપ્રાય પ્રાન્ત અધિકારીના loginમાં મોકલવાનો વિકલ્પ રહેશે. આમ, અત્રે શિરસ્તેદાર નિર્ણાયક ઓથોરિટિ નથી. રજૂ થતી અરજીની ફક્ત પ્રાથમિક ચકાસણી કરી અભિપ્રાય આપી પ્રાન્ત અધિકારીનું ઓનલાઈન અનુમોદન મેળવવાની પ્રક્રિયા શિરસ્તેદાર હસ્તક રહેશે.

(૧.૨) વધુમાં, રજૂ થતી અરજીઓની પ્રાથમિક ચકાસણીમાં પૂર્તતા થઈ શકે તેવી બાબતો જેવી કે, ખાતેદારની પોતાની સહીવાળી અરજી તથા સક્ષમ ઓથોરિટિ રૂબરૂ કરવાનું સોગંધનામું, કોઈ ખાસ